# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 02-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**DAY : WEDNESDAY** **NATIONAL NEWS**

**નમસ્કાર,આકાશવાણી,**

**OPENING SIGNATURE TUNE**

**સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પાંચ દેશના પ્રવાસે જવા રવાના થયા.
2) પહલગામ આતંકી હુમલાના ગુનેગારો અને કાવતરાંખોરોને કડક સજા ફટકારવામાં સહયોગ કરવા ક્વાડ સભ્ય દેશોએ અપીલ કરી
3) અચાનક થતાં મૃત્યુનો કોવિડ-19ની રસીઓ સાથે કોઇ સંબંધ નહીં હોવાનું અભ્યાસ દ્વારા સ્પષ્ટ થયું હોવાની આરોગ્ય મંત્રાલયની જાહેરાત
4) જમ્મુના ભગવતીનગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી અમરનાથ યાત્રાના પ્રથમ જૂથનું આજે વહેલી સવારે પ્રસ્થાન.
5) ક્રિકેટમાં ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ઍન્ડરસન-તેંડુલકર ટ્રૉફી સિરીઝની બીજી ટૅસ્ટ મૅચ આજે બર્મિંઘમમાં શરૂ થશે.

.........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM DEPARTURE STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઘાના, ત્રિનિદાદ અને ટૉબેગો, અર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાના પ્રવાસ માટે રવાના થયા છે. શ્રી મોદી આજે બે દિવસના પ્રવાસે સૌપ્રથમ ઘાના પહોંચશે. સાંભળીએ એક અહેવાલ.

## (V/C- PRAVESH ADIACHA)

*(.... પ્રવાસના પ્રસ્થાન સંબોધનમાં શ્રી મોદીએ કહ્યું, ઘાના ગ્લોબલ સાઉથમાં ભારતનું એક મહત્વ ભાગીદાર છે અને તેણે આફ્રિકી સંઘ તથા પશ્ચિમી આફ્રિકાના રાષ્ટ્રોના આર્થિક સમુદાયમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું, તેમને રોકાણ, ઊર્જા, આરોગ્ય, સુરક્ષા, ક્ષમતા નિર્માણ અને વિકાસ ભાગીદારી ક્ષેત્રમાં ચર્ચા વિચારણા અને આદાન-પ્રદાનને વધુ ગાઢ બનાવવાની દિશામાં વધુ સહકારની આશા છે. પ્રધાનમંત્રી ઘાનાની સંસદને પણ સંબોધશે. ત્યારબાદ શ્રી મોદી આવતીકાલે બે દિવસના પ્રવાસ પર ત્રિનિદાદ અને ટોબેગો પહોંચશે. શ્રી મોદી ત્રિનિદાદના રાષ્ટ્રપ્રમુખ ક્રિસ્ટાઈન કારલા કાંગાલૂ, પ્રધાનમંત્રી કમલાપ્રસાદ બિસેસર સાથે મુલાકાત કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી અર્જેન્ટિના જશે. ગત 57 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પહેલો અર્જેન્ટિના પ્રવાસ હશે. શ્રી મોદી બ્રાઝિલના રિયો-ડી-જાનેરોમાં છ અને સાત જુલાઈએ યોજાનારી બ્રિક્સ શિખર બેઠકમાં ભાગ લેશે. તેઓ દ્વિપક્ષીય રાજકીય પ્રવાસ માટે બ્રાસિલિયા પણ જશે. કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો ગત છ દાયકામાં બ્રાસિલિયાનો આ પહેલો પ્રવાસ હશે. પ્રવાસના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી મોદી નામિબિયા જશે, જ્યાં તેઓ નામિબિયાની સંસદના સંયુક્ત સત્રને પણ સંબોધશે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HC INTERVIEW

ઘાનામાં ભારતના હાઈ કમિશનર મનીષ ગુપ્તાએ આકાશવાણી સંવાદદાતા સાથે એક વિશેષ મુલાકાતમાં ભારત અને ઘાના સંબંધોના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો. શ્રી ગુપ્તાએ કહ્યું, ભારતે ઘાનાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ જૉન મહામાના શાસનમાં લાંબાગાળાના મૈત્રીપૂર્ણ સંબંધમાં સાતત્યતા જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે. શ્રી ગુપ્તાએ ઘાનાના આર્થિક પુનર્ગઠન એજન્ડામાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો.

હાઈ કમિશનરે બંને દેશ વચ્ચે વેપાર સંબંધો અને સમયની સાથે તેના વિકાસ પર પણ ચર્ચા કરી. શ્રી ગુપ્તાએ પ્રધાનમંત્રીના પ્રવાસના મુખ્ય એજન્ડામાંથી એક સંરક્ષણ સહકાર પર પણ વાત કરી. શ્રી મનીષ ગુપ્તાએ આ પ્રવાસને પશ્ચિમ આફ્રિકી દેશોના આર્થિક સમુદાય ક્ષેત્ર અને આફ્રિકી સંઘ સુધી ભારતની પહોંચ તરીકે દર્શાવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## QUAD- JOINT STATEMENT (PAGE 1)

**અમેરિકામાં પૂર્ણ થયેલા ક્વાડ સંમેલન બાદ સંયુક્ત નિવેદન પ્રસિધ્ધ કરાયું હતુ જેમાં પહલગામ આતંકવાદી હુમલાની કડક શબ્દોમાં ટીકા કરીને તેમા સામેલ ગુનેગારોને કડક સજા ફટકારવામાં તમામ**

દેશોના સહયોગની અપીલ કરવામાં આવી હતી.. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રનુ પ્રતિનિધિત્વ કરનારા ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, અમેરિકાના વિદેશમંત્રી ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વૉંગ અને જાપાનના તાકેશી ઈવાયાએ આ નિવેદનને સમંતિ આપી હતી..

પ્રસ્તુત છે એક અહેવાલ

## (VOICE CAST – HARSHAL PANDYA)

ક્વાડ સભ્યોએ પહેલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો અને કાવતરાંખોરોને કોઈપણ વિલંબ વિના ન્યાયના કઠેડામાં લાવવા હાકલ કરી છે સાથોસાથ યુએન સભ્ય દેશોને તેના માટે સહયોગ આપવા વિનંતી કરી છે. વોશિંગ્ટન, ડીસીમાં યોજાયેલી ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકના સંયુક્ત નિવેદનમાં 22 એપ્રિલ, 2025 ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત શબ્દોમાં ટીકા કરવામાં આવી હતી, જેમાં 25 ભારતીય નાગરિકો અને એક નેપાળી નાગરિકના જીવ ગયા હતા, જ્યારે ઘણા અન્ય ઘાયલ થયા હતા. સરહદપાર આતંકવાદ સહિત તેના તમામ સ્વરૂપો ની કડક શબ્દોમાં ટીકા કરી હતી. તેણે તમામ યુએન સભ્ય દેશોને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત યુએન સુરક્ષા પરિષદના ઠરાવો હેઠળની તેમની જવાબદારીઓનું પાલન કરીને સક્રિયપણે સહયોગ કરવા પણ વિનંતી કરી હતી.

**હર્ષલ પંડ્યા, આકાશવાણી સમાચાર અમદાવાદ**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV. ICMR, AIIMS - COVID VACCINE STUDY (WITH VC)

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે પી નડ્ડાએ જણાવ્યું હતું કે ભારતીય તબીબી સંશોધન પરિષદ ICMR અને અખિલ ભારતીય તબીબી વિજ્ઞાન સંસ્થા દ્વારા કરવામાં આવેલા વ્યાપક અભ્યાસોએ કોવિડ-19 રસીઓ અને કોવિડ-19 પછી પુખ્ત વયના લોકોમાં અચાનક મૃત્યુ વચ્ચે કોઈ સંબંધ સ્થાપિત કર્યો નથી. મંત્રાલયે નોંધ્યું હતું કે આઇ. સી. એમ. આર. અને રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલા અભ્યાસો પુષ્ટિ કરે છે કે ભારતમાં કોવિડ-19 રસીઓ સલામત અને અસરકારક છે, જેમાં ગંભીર આડઅસરોના અત્યંત દુર્લભ કિસ્સાઓ છે.

સાંભળીએ એક અહેવાલ ......

(વોઇસકાસ્ટ – આદર્શ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# JK AMARNATH YATRA

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આજે વહેલી સવારે અમરનાથ યાત્રાના પ્રથમ જૂથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. જમ્મુના ભગવતીનગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી પ્રસ્થાન થયેલા આ જૂથમાં યાત્રા માટે કુલ પાંચ હજાર 892 યાત્રિઓએ પ્રસ્થાન કર્યું, જેમાં બે હજાર 489 લોકો બાલતાલ માર્ગથી અને ત્રણ હજાર 403 અનંતનાગ માર્ગથી પવિત્ર ગુફા સુધી પહોંચશે. સાંભળીએ એક યાત્રાળુની પ્રતિક્રિયા.

**(BYTE- PILGRIMS AMAR NATH BYTE)**

ત્રણ હજાર 880 મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથ ધામની 38 દિવસની આ યાત્રા આવતીકાલે બંને માર્ગથી ઔપચારિક રીતે શરૂ થશે. અનંતનાગમાં પરંપરાગત નુનવાવ–પહલગામ માર્ગ 48 કિલોમીટર લાંબો છે. જ્યારે ગાંદરબલમાં બાલતાલ માર્ગ 14 કિલોમીટરનો છે, જે નાનો છે, પરંતુ અઘરો છે. આ તીર્થયાત્રા આ વર્ષે નવ ઑગસ્ટે શ્રાવણ પૂનમના દિવસે પૂર્ણ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET INDIA ENGLAND 2ND TEST

**ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી સિરીઝની બીજી ટેસ્ટ મેચ આજે બર્મિંઘમના એજબેસ્ટનમાં શરૂ થશે. ભારતીય ટીમના સુકાની શુબમન ગિલે આ મેચ માટે ઝડપી બૉલર જસપ્રીત બુમરાહ ઉપલબ્ધ હોવાની પુષ્ટિ કરી.**

**જોકે, તેમની મેચ રમવા અંગે છેલ્લો નિર્ણય ટીમ મૅનેજમેન્ટની બેઠક બાદ કરાશે. જો બુમરાહને આરામ અપાશે તો તેમની જગ્યાએ આકાશદીપને ટીમમાં સામેલ કરી શકાય છે. બીજી તરફ, યજમાન ટીમમાં તમામ 11 ખેલાડી એ જ હશે, જેમણે હૅડિંગ્લે, લીડ્સમાં સિરીઝ પહેલા મેચમાં પાંચ વિકેટથી જીત મેળવી હતી.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WORLD CHESS

2025 ગ્રાન્ડ ચેસ ટૂરનો ત્રીજો તબક્કો આજે સાંજે ક્રોએશિયામાં શરૂ થશે. રસાકસીભરી આ સ્પર્ધામાં વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસન અને વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ ભાગ લઇ રહ્યા  છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WIMBLEDON TENNIS

ટેનિસમાં, વિમ્બલ્ડન ખાતે ભારત આજે મેન્સ ડબલ્સના પ્રથમ રાઉન્ડની મેચથી પોતાનું અભિયાન શરૂ કરશે. રોહન બોપન્ના, યુકી ભાંબરી, શ્રીરામ બાલાજી અને રિત્વિક ચૌધરી બોલિપલ્લી રમતમાં ભાગ લેશે.

વિશ્વના પ્રથમ ક્રમાંકિત જેનિક સિનરે મેન્સ સિંગલ્સના પહેલા રાઉન્ડમાં ઇટાલિયન લુકા નાર્ડીને સીધા સેટમાં હરાવ્યા. ચોવીસ વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નોવાક જોકોવિચે ફ્રેન્ચમેન એલેક્ઝાન્ડ્રે મુલરને પ્રથમ રાઉન્ડમાં જીત સાથે આઠમા વિમ્બલ્ડન ટાઇટલ માટે પોતાની દાવેદારી શરૂ કરી.

અત્યાર સુધીના ચેમ્પિયનશિપના સૌથી મોટા અપસેટમાં, ફ્રાન્સના આર્થર રિન્ડરકનેચે ત્રીજા ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝ્વેરેવને પાંચ સેટની રોમાંચક રમતમાં હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કરીને પોતાનો પ્રથમ ટોપ-5 વિજય મેળવ્યો. અન્ય એક મેચમાં, પાંચમા ક્રમાંકિત અમેરિકન ટેલર ફ્રિટ્ઝે રોમાંચક મેચમાં જીઓવાન્ની પેરીકાર્ડને હરાવ્યો.

મહિલા સિંગલ્સમાં, વિશ્વના બીજા ક્રમાંકિત કોકો ગૌફને મોટા અપસેટનો સામનો કરવો પડ્યો, ડાયના યાસ્ટ્રેમ્સ્કા સામે સીધા સેટમાં હાર્યા બાદ તે શરૂઆતના રાઉન્ડમાં જ બહાર થઈ ગયા.

---------

## WEATHER

**હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.**

કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્રમાં પણ આજે છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.. હિમાચલ પ્રદેશમાં તાજેતરમાં થયેલા ભારે વરસાદ, ભૂસ્ખલન અને વાદળ ફાટવાની ઘટનાઓએ જાન-માલનું વ્યાપક નુકસાન કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .